DCD-1901010301020402 Seat No. ________

# B. A. (Sem. II) Examination

## July - 2022

## Gujarati-4

## (ગુજરાતી વ્યાકરણ-4)

## (Elective - 2) (New Course)

Time : **2.30** Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પાંચ પ્રશ્નોના જવાબ આપો.

(2) દરેકના ગુણ સરખા છે.

1 નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. 14

'હિન્દી ભાષાના શ્રેષ્ઠ સાહિત્યકાર પ્રેમચંદજી સાહિત્યમાં નીતિના પ્રબળ પુરસ્કર્તા છે. એમને આપણે પ્રખર નીતિવાદી સર્જક પણ કહી શકીએ. કારણકે, એમણે સાહિત્યમાં જીવનને અને નીતિને પ્રથમ સ્થાન આપ્યું છે. એમની વાર્તાઓ અને નવલકથાઓ જેવું સાહિત્ય નૈતિક મૂલ્યોથી ઘડાયેલું છે. નૈતિક સર્જનની ભાવના એમનામાં પડી હોવાથી એમનું સાહિત્ય પણ સંસ્કારી, ભાવનાત્મક, વિવેકશીલ અને નીતિવાદી રહ્યું છે. ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીને પ્રખર નીતિવાદી સર્જક ગણી શકાય. જો કે ભારતીય સાહિત્યમાં ગાંધીજીનાં સમકાલીન સર્જક - વિચારકોમાં મોટાભાગનાં ગાંધીજીની નૈતિક ભાવનાનાં મૂલ્યોને જ અનુસરે છે. ગાંધીજીના મતે કલાકારની કલા જેટલી સામાન્ય માણસ સુધી પહોંચે તેટલી વધારે શ્રેષ્ઠ ગણાય. કલામાં કે સાહિત્યમાં વિલાસ, વિકાર કે વિકૃતિને માટે કોઈ જગા હોતી નથી. જ્યારે આવા વિષયનું કલા કે સાહિત્યમાં પદાર્પણ થાય છે ત્યારે એની કલાત્મકતાને ઝાંખપ લાગે છે.

ગુજરાતી સાહિત્યમાં ગાંધીજીની નૈતિક મૂલ્યોની ભાવનાને ખાસ કરીને ગાંધીયુગનાં સર્જકોએ વધારે આત્મસાત કરી છે. જેમાં કાકાસાહેબ કાલેલકર,, ર.વ. દેસાઈ, ધૂમકેતુ, સુન્દરમ્ અને ઉમાશંકર જોશી વગેરેને ગણાવી શકાય. આ ઉપરાંત સુધારકયુગમાં નર્મદ, નવલરામ, નંદશંકર મહેતા અને પંડિતયુગમાં ગોવર્ધનરામ ત્રિપાઠી, ન્હાનાલાલ, કાન્ત, બ.ક. ઠાકોર વગેરેનાં સર્જનમાં પણ આપણને નૈતિક મૂલ્યોનાં સૂર સંભળાય છે.

મણિલાલ દ્વિવેદી એક મોટા પ્રકાંડ પંડિત છે. એઓ કાવ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનાં મહાન વિચારક છે. આથી એમણે રસવિષયક વિભાવના સ્પષ્ટ કરતી વેળા કવિને તત્ત્વજ્ઞની ભૂમિકાએ વિચારી અનીતિ, અસત્ય અને અનાચારથી દૂર રહેવા જણાવ્યું છે. તેઓ કહે છે, 'જે રસને અવલંબીને કવિ અને તત્ત્વજ્ઞ એકની એક ભૂમિકામાં ભેગા થઈ શકે છે તે રસ કાવ્યમાત્રનો જીવ છે. એમાં સંશય નથી. એમાં અનીતિ, અસત્ય, અનાચાર તેનો સંભવ જ નથી.' (સાહિત્યમીમાંસા, સં. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી)

**અથવા**

1 નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો. **14**

'ફટાણાંનાં ગીતો ગુજરાતના લગ્ન પ્રસંગમાં આનંદ માટે જ લખાયાં છે. પ્રસંગનો ભાર ન લાગે અને એકબીજા પોતાના તથા અન્ય મહેમાનો ઉપર હસે એ જ આ ગીતનો હેતુ છે. ફટાણાંનો અર્થ ફૂટવું એ છે. ગીતમાંથી હાસ્ય ફૂટે અને સૌ હસે એ એનું લક્ષણ છે. ગીતમાં આવતાં પાત્રોની મસ્તી મશ્કરી થાય, એમને પશુ સાથે સરખાવવામાં આવે, થોડી ઉઘાડા શૃંગારની વાતો થાય, બે પાત્રોને કજોડાની સ્થિતિએ મૂકાય. શારીરિક ચેષ્ટાનું અપલખણ બતાવાય આમ આમ અનેક રીતે ફટણાંનાં ગીતોનું સંરચન થાય અને ગવાય. ફટાણાં દરેક સમાજના લગ્નપ્રસંગે ગવાય છે. એમાં બંને પક્ષ એકબીજાનું સન્માન જળવાય ત્યાં સુધી ગીતને ખેંચી જાય છે. ઘણી વખત એકબીજા કુટુંબની કડકાઈ અને વર્તનને જાન કે માંડવપક્ષની બહેનો આગોતરા જાણી ગઈ હોય તો રજા લઈને ફટાણાં ગાય છે. ઘણી વખત પ્રસંગમાં ગીતોની ચડસાચડસીને કારણે કોઈ વડીલ આવીને કહે છે પણ ખરા કે, 'હવે બસ, બહુ ગીત ગાયાં. હવે હાઉં કરો' આ અટકવું પણ જરૂરી છે. એવાં દાખલા પણ મળે છે કે હસવામાંથી ફસવું થયું હોય અને એકબીજાને માઠું પણ લાગી આવ્યું હોય. સમય સમયનું કામ કરે એમ વાત થાળે પડી જાય અને ફરીથી આનંદ ઉલ્લાસ બનવા લાગે આ પણ જીવનનો એક ભાગ જ ને'.

2 નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

'લોકકથાઓ પ્રાદેશિકતાની અસર વિનાની હોય એવું સંભવી જ શકે નહીં. જેવો સમાજ એવી એની વાર્તા. જે તે પ્રદેશની વાર્તાઓમાં જે તે પ્રદેશનાં પ્રાણીઓ, પક્ષીઓ, જંતુઓ, વૃક્ષો, વેલાઓ, જળાશયો, માનવો, પ્રાકૃતિક દૃશ્યો, જંગલો, પહાડોનાં વર્ણનો આવે. તેમજ તે પ્રદેશોના મનુષ્યોના આભૂષણો, પોશાકો, ઘરેણાં, હથિયારો વગેરેનાં ઉલ્લેખો આવે. ઉપરાંત જે તે સમાજની ખાન-પાનની ટેવો, તહેવારો, વ્યવહારો, વ્રતો, ઉત્સવો, મેળાઓનાં વર્ણનો આવતા જોવા મળે છે. લોકવાર્તામાં આવતાં વર્ણનોનાં આધારે કહી શકાય કે તે કયા પ્રદેશની લોકકથા હશે. સ્થાનિક લોકકથાઓમાં તો જે તે પ્રદેશનાં વર્ણનો આવે જ આવે. પરંતુ જે વાર્તાઓ જુદા પ્રદેશમાંથી સ્થળાંતરિત થઈને આવી હોય તેને પણ પછી પોતાના પ્રદેશને અનુરૂપ બનાવી દેવામાં આવે છે.

લોકવાર્તાઓ મોટેભાગે સીધી સાદી અને સરળ ભાષામાં જ રજૂઆત પામતી હોય છે. પરંપરાગત સામાન્ય લોક સમૂહ સીધો સાદો અને સરળ હોય છે, તેથી તેવા લોક સમૂહોની વાર્તા પણ સીધી સાદી અને સરળ જ હોવાની. જેવો સમાજ એવી એની વાર્તા. સમાજ સરળ તો તેની વાર્તા પણ સરળ જ હોવાની. વાર્તાની રજૂઆત પણ સરળ જ રહેવાની. દા.ત. એક હતો રાજા અને એને સાત રાણી હતી. એક ગરીબ બ્રાહ્મણ હતો અને એને સાત દીકરીઓ હતી'. વાર્તાની માંડણી જ સરળ રીતે થાય. લોકવાર્તામાં સમકાલીન કે નજીકના ભૂતકાળના ગ્રામજીવનની-લોકજીવનની વિવિધ બાજુઓનું સીધી, સરળ, તળપદી બોલીમાં, સંક્ષેપમાં છતાં સચોટતાપૂર્વક નિરૂપણ થાય છે અને તેથી જ તે આબાલવૃદ્ધ સૌને ગમી જાય તેવી હોય છે.'

**અથવા**

2 નીચે આપેલ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. 14

'અંતે તે વાત તો વાસણકળાની જ મારે કરવાની છે. જગતમાં જ્યારે કોઈ અને કાંઈ પણ માથે પડે ત્યારે જ સાચી વાતનું ભાન થાય છે! મારાં પત્નીના હાથ અને ડોકના દુઃખાવાને લીધે જ મને ખબર પડી કે ઘર અને રસોડું શું ચીજ છે? હું પુરુષ એટલે હુકમ અને ઇચ્છા એ જ મારી ભાષા અને એ જ મારું જગત. એમાં કાંઈ પણ અધૂરું બને એ મને ન ગમે એવું હું માનું. મેં કદી મારા માટે રસોઈ કે જીવન જરૂરી અનેક વસ્તુઓ હજુ હું વિચારું એ પહેલાં જ મારા પત્નીએ પૂરી પાડી છે. એમની લાગણી અને પ્રેમનું મૂલ્ય જરાય ઓછું આંકી શકાય એમ નથી! પુરુષ ઘરનાં કામકાજને સમજે તો પણ ઘણું છે. ઘરના સભ્યો જેમ કે માતા, પત્ની, બહેન, દીકરી, વગેરેની અનેક સમસ્યા હોય છે. આપણે જો એ સમસ્યામાં મદદરૂપ ન થઈએ તો પણ વાંધો નહીં પણ એમાં અડચણ ન કરીએ તો પણ મોટી વાત છે. આ જ્ઞાન મારાં જેવા મૂરખને આત્મસાક્ષાત્કાર થયો હોય એમ સમજાયું. મારી વાસણકળા એ મારાં જીવનમાં મારાં ઘરને સમજવાનો મારો નમ્ર પ્રયત્ન છે.

અંતે તો મને એ પણ સમજાયું કે વાસણકળા અને દામ્પત્યજીવનની મીઠાશ એકબીજા પર આધારિત છે. આમ તો આ સોદો જ પ્રેમનો છે. કારણ કે પ્રેમમાં જે હારે છે એ જ જીતે છે. સમાધાન અને સમર્પણ એ પ્રેમનાં બે પગલાં છે. ઘર હોય કે બે માણસનું લગ્નજીવન અંતે તો એકબીજાને સુખે સુખી અને દુઃખે દુઃખી ભલે લાગીએ પણ એ દુઃખમાં જ સાચી રીતે સુખી હોઈએ છીએ. પ્રેમનો કોઈ અંત નથી. પ્રેમમાં કોઈ કળા નથી. કદાચ વાસણ ઊટકવામાં ભલે મને કળા લાગતી હોય! સાચું કહું. પ્રેમમાં ભાર જ ક્યાં છે! ભલે ને આવાં અનેક ભાર ઉપાડવા પડે. અંતે તો એટલું જ કહીશ, આ મારું ઘર છે.મારાં ઘરનાં બધાં વાસણો મને પ્રિય છે. હું મારા ઘરને તથા વાસણોને ચાહું છું. અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાને મને ગર્વ છે.

હું સદાય મારાં ઘરને તથા વાસણોને લાયક બનવા પ્રયત્ન કરીશ. હું મારાં ઘર તથા ઘરનાં વાસણો પ્રત્યે આદર રાખીશ અને દરેક વાસણ સાથે સભ્યતાથી વરતીશ. હું મારાં ઘરને, ઘર બાંધવોને તથા વાસણને મારી નિષ્ઠા આપું છું. મારા ઘર અને વાસણનાં કલ્યાણમાં જ મારું સુખ રહ્યું છે.'

3 નીચેની કહેવતોના અર્થ લખો. 14

(1) એક મ્યાનમાં બે તલવાર ના સમાય
(2) કજિયાનું મૂળ હાંસી ને રોગોનું મૂળ ખાંસી
(3) કજિયાનું મોં કાળું
(4) કોલસાની દલાલીમાં હાથ કાળા
(5) કાંકરે કાંકરે પાળ બંધાય
(6) ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી?
(7) ખાડો ખોદે તે પડે

**અથવા**

3 તમારા અભ્યાસક્રમ મુજબ ગુજરાતીના જોડાક્ષર સમજાવો. 14

4 તમારા અભ્યાસક્રમ મુજબ વિવિધ વિરામચિહ્નો વાક્યમાં પ્રયોજી ઉદાહરણ આપો. 14

**અથવા**

4 નીચેના રૂઢિપ્રયોગ સમજાવો. 14

(1) ઈડરિયો ગઢ જીતવો

(2) અગિયાર ગણી જવા

(3) અડદ સાથે મગ ભરડવા

(4) અલ્લાહની ગાય

(5) છેડો ઓઢવો

(6) અંધાર છેડો બનવું

(7) આંખની કીકી હોવું

5 નીચેનામાંથી કોઈ પણ બેના જવાબ આપો. 14

(1) દ્વન્દ્વ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(2) અવ્યવીભાવ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(3) તત્પુરુષ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.

(4) ઉપપદ સમાસ સમજાવી પાંચ ઉદાહરણ આપો.